**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૦/૭/૨૦૧૫ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધીધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૩૯૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૧ કેસ કરી ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૩૦૬ લીટર દેશી દારૂ, ૩૫ બોટલ ઇગ્લીશ દારૂ અને ૧ બિયર ટીન કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૩૯૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૩૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડી ની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૧૩૯૨/૧૫**

**ક્રાઇમબ્રાન્ચ :** ગઝાલા એહમદ સૈયદ એહમદ (ઉ.વ.૪૩)(રહે, જન્નતનગર ફલેટ, શ્રી ક્રીષ્ના સેંટર સામે, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા) એ તા.૯/૭/૧૫ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી (૧) માર્ક હિલ અને ફેંન્ક વિંન્સ નામની જુદી-જુદી ફેસબુક પ્રોફાઈલના ધારકો (૨) સ્ટેટ બેન્ક ઓફ ઈંન્ડીયાના ખાતા નં- ૩૧૪૬૨૮૫૯૯૪૩ નો ધારક રચના તમાંગ (૩) એચ.ડી.એફ.સી બેન્કના ખાતા નં- ૫૦૧૦૦૦૩૮૯૮૩૬૫૫ નો ધારક કે.એલ.લવિંગશન (૪) આઇસીઆઇસીઆઇ બેન્ક કરોલ બાગ શાખા ના ખાતા નં- ૬૨૯૧૦૫૫૦૦૯૯૭ નો ધારક મનોજકુમાર (૫) એચ.ડી.એફ.સી બેન્કના કેસ્ટોપુર કબકતા બ્રાંચના ખાતા નં- ૫૦૨૦૦૦૧૨૩૦૩૭૦૮ નો ધારક રાહુલ પાંડે તથા તેમના મળતીયા માણસોએ ભેગામળી ઓક્ટોબર/૨૦૧૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન ઈંન્ટરનેટનાં માધ્યમથી ગઝાલાને વિશ્વાસમા લઈ, પોતે બીજા દેશમાંથી ભારતમા આવેલ હોવાનું કહી, ગઝાલા સાથે લગ્ન કરવાની લોભામણી લાલચ આપી, હાલ પોતે તકલીફમા હોઈ, તેમ કહી ગઝાલા પાસેથી જુદી-જુદી બેન્કમા કુલ રૂપિયા ૬,૦૩,૫૫૦/- રૂપીયા ભરાવી ગઝાલા સાથે છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.બી.રવીયા ચલાવે છે.

**અમરાઇવાડી :** પ્રિતેશકુમાર મુકેશભાઇ પટેલ (રહે.કડી શીવાલય સોસાયટી, માતૃધામ સોસાયટી, તા.કડી, જી.ગાંધીનગર) એ તા.૯/૭/૧૫ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી (૧)પટેલ મુકેશભાઇ જેઠાભાઇ (૨) હંસાબહેન મુકેશભાઇ પટેલ (૩) રાજકુમાર મુકેશભાઇ પટેલ અને (૪) પુજાબહેન મુકેશભાઇ પટેલ (તમામ રહે.જોગેશ્વરી સોસાયટી, અમરાઇવાડી) ભેગામળી પ્રિતેશકુમારને અમેરીકા મોકલવા સારૂ તેમની પાસેથી રૂપિયા ૯૦,૦૦૦/- મેળવી લઇ, પ્રિતેશકુમાર સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઓ.એમ.દેસાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૯૩/૧૫</u>**

**બાપુનગરઃ** રસીકભાઇ હરગોવિંદભાઇ સુવાણીયા (રહે.અંજલીનગર, ઠક્કરનગર, એપ્રોચ સ્વામીનારાયણ મંદિર પાસે, બાપુનગર) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૭/૧૫ રાતનાં ૧૨/૦૦ થી તા.૯/૭/૧૫ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં રસોડાના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૯૧,૩૦૦/- અને રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૬,૩૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.આર.વસાવા ચલાવે છે.

**નરોડા :** ગણપતભાઇ ધુળાભાઇ પંચાલ (રહે.આરાધના એપાર્ટમેન્ટ, સુતરનાં કારખાનાં રોડ, નરોડા) એ તા.૯/૭/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૬/૧૫ સવારનાં ૯/૩૦ થી બપોરનાં ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૦૭,૧૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૯૪/૧૫</u>**

**બાપુનગર :** મનોરમાબહેન કલ્લુભાઇ જૈન (રહે.કહાનપાર્ક સોસાયટી, વર્ષા સોસાયટી પાસે, બાપુનગર) તા.૯/૭/૧૫ બપોરના ૧/૪૫ વાગ્યાના સુમારે બાપુનગર વર્ષા સોસાયટીની નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મનોરમાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મનોરમાબહેન જૈને બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એ.પટેલ ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૯૫/૧૫</u>**

**નારણપુરા :** ઓમપ્રકાશ રામલાલ ચૌધરી (રહે,સુખસાગર સોસાયટી, હંસવિલા કંમ્પાઉન્ડ, નારણપુરા) એ તા.૭/૭/૧૫ સવારના ૮/૩૦ વાગે રહેણાંક નજીક પોતાની મહેન્દ્ર બોલેરો ગાડી નંબર જીજે.૧૮.બી.એ.૯૬૪૮ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી બપોરના ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ઓમપ્રકાશ ચૌધરીએ તા.૯/૭/૧૫ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી જી.એમ.ગોહીલ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૯૬/૧૫</u>**

**કાગડાપીઠ :** મોહનભાઇ(જેના પુરા નામ-સરનામાની ખબર નથી)(ઉ.વ.૪૦) તા.૮/૭/૧૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે મજુરગામ ચાર રસ્તા નજીકથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એસ.ટી.બસ નંબર જીજે.૧૮.વાય.૯૮૫૯ ના ચાલકે બસ બેદરકારી અને પુરઝડપે ચલાવતાં, મોહનભાઇને ટક્કર વાગતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતનાં ૮/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે કાગડાપીઠ પોલીસે એસ.ટી.બસ ચાલક વિરૂધ્ધ ગુનો નોધી, આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એમ.વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નિકોલ :** મહંમદરેહાન અબ્દુલસલામ શેખ (રહે.પાવરગ્રીન, સમાવલી રોડ, અંબે વિધાલયની સામે, વડોદરા) એ તા.૯/૭/૧૫ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૬/૧૫ થી તા.૯/૭/૧૫ સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી વિનોદભાઇ દેવરાજભાઇ ખંભડીયા (ડેવલોપર) (રહે.માતૃશક્તિ સોસાયટી, ઇન્ડીયા કોલોની, બાપુનગર) અને સુરેશભાઇ કલ્યાણભાઇ ખીમાણી (કોન્ટ્રાક્ટર)(રહે.નાગરાજ બંગ્લોઝ, શુકન બંગ્લોઝની પાછળ, નિકોલ) નાઓની નિકોલ ગામ, ખોડીયાર માતાનાં મંદિર સામે આવેલ કિરણ જેમ્સ પ્રાયવેટ લીમીટેડનાં કંટ્રક્શન દરમ્યાન પીલરનાં સેંટીગ કામમા ખાડાની દિવાલ ઉપર લોખંડનાં પતરા કે તારની વાડ નહીં બનાવડાવી, બેદરકારી રાખતાં, ત્રણ મજુરો ઉપર ખાડાની દિવાલ ધસી પડતાં, ત્રણેયનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.ખાંટ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)